


# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઇ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઇક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટોગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in

# પ્રિય સન્નારી

કેમ છો?

લગ્નની તૈયારીઓમાંથી ફ્રી થયા હો તો જરા આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવાતા એક સરસ ‘દિવસ’ ની આજે તમારી સાથે વાત કરવી છે. આમ તો આંતરરાષ્ટ્રીય સ્તરના અમુક જ ‘ડેઝ’ આપણને ખબર હોય છે જેમ કે, ‘વેલેન્ટાઈન્સ ડે’ ,’ વિમેન્સ ડે’ વગેરે કે જે વિશ્વના અમુક વર્ગને કે અમુક જાતિને જ સ્પર્શતાં હોય છે પરંતુ ૨૦મી ડિસેમ્બરનો ખાસ દિવસ વૈશ્વિક સ્તરે મહત્ત્વ ધરાવે છે કારણ કે તેના પાયામાં માનવતા રહેલી છે. શું તમને ખબર છે આજે કયો ખાસ દિવસ છે? આજે, ૨૦મી ડિસેમ્બર એટલે ‘ઇન્ટરનેશનલ હ્યુમન સોલીડેરીટી ડે’, જેનો મતલબ છે- ‘આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ.’



સોલીડેરીટી એટલે એકતા. એકતા વિવિધ સંસ્કૃતિના લોકો વચ્ચે, એકતા વિવિધ દેશો વચ્ચે, એકતા સમાન ઉદ્દેશ્યના લોકો વચ્ચે અને એકતા વિવિધ ધર્મ કે જાતિના લોકો વચ્ચે. દરેક દેશની સંસ્કૃતિ, પહેરવેશ, ભાષા અલગ અલગ હોય છે પરંતુ જે દેશો એકબીજાને મુશ્કેલીમાં મદદ કરે ત્યારે તેમની વચ્ચે ઐક્ય સ્થપાય છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ ભારતે અવારનવાર દુનિયાના વિવિધ દેશોને મદદ કરીને પૂરું પાડ્યું છે. પછી તે કોવિડ 19ની વેક્સિન આપવાની હોય કે અન્ય કોઈ પણ દેશમાં પૂર કે ભૂકંપ આવ્યો હોય ત્યારે રાહતસામગ્રી પહોંચાડવાની હોય કે પછી કોઇ દેશને આર્થિક સહાય કરવાની હોય, ભારત હંમેશાં મદદ કરવામાં, અન્ય દેશોને મુશ્કેલીમાં સાથ આપવામાં મોખરે રહ્યું છે. એક રીતે કહીએ તો ‘વિવિધતામાં એકતા’ એ આંતરરાષ્ટ્રીય સોલીડેરીટી ડે ઉજવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય રહ્યો છે અને ભારત માટે ‘વિવિધતામાં એકતા’ એ આપણું અવિભાજ્ય અંગ છે. ખોરાક, પહેરવેશ, રીત-રિવાજો, ભાષા આ દરેક બાબતે ભારતમાં વિવિધતા જોવા મળે છે. છતાં જો કેરળમાં પૂર આવે તો પંજાબમાં બેઠેલી વ્યક્તિ પણ સહાય કરવા આવી જાય! હિમાચલમાં ભૂસ્ખલન થાય તો દેશના દરેક ખૂણામાંથી મદદ પહોંચી જાય. આખરે, માનવી જ માનવીની મદદ કરી શકે છે. મુશ્કેલીના સમયે પૂર્વગ્રહ છોડીને ફક્ત માનવતાની દ્રષ્ટિએ સહાય કરવા આગળ આવવું જોઇએ. ‘વિવિધતામાં એકતા’ એ આપણા દેશની સૌથી મોટી તાકાત અને સમૃદ્ધિ છે. એકબીજાને સહાય કરવી એ આપણી જવાબદારી છે અને એમાં જ સર્વની પ્રગતિ પણ છે.



હવે, વિવિધતાની વાત કરી જ છે તો આપણા દેશના લાક્ષણિક પોશાક સાડીની પણ સાથે સાથે વાત કરી લઈએ કારણ કે ૨૧મી ડિસેમ્બર ‘વર્લ્ડ સાડી ડે’ તરીકે ઉજવાય છે અને વળી, સમગ્ર દેશમાં તો સાડીની કેટ-કેટલી વિવિધતા જોવા મળે છે. સાડી શબ્દ સાથે જ ‘સુંદર’, ‘ગૌરવશાળી’,’પારંપરિક’ અને ‘ઉત્કૃષ્ટ’ એવાં વિશેષણો સંકળાયેલાં છે. એક જ દેશમાં એક જ પોશાકના ઘણા પ્રકારો હોય શકે એ સાડીના વિવિધ પ્રકારોથી જાણી શકાય. જેમ કે, તમિલનાડુની કાંજીવરમ, ઉત્તર પ્રદેશની બનારસી, મધ્ય પ્રદેશની ચંદેરી, રાજસ્થાનની કોટા દોરિયા, ગુજરાતની બાંધણી અને પટોળા, તેલંગાનાની પોચમ્પલ્લી, મહારાષ્ટ્રની પૈઠની, અસમની મુગા સિલ્ક, કેરળની કસવુ અને પશ્ચિમ બંગાળની બલુચરી. આ દરેક પ્રકારની સાડીની અલગ અલગ લાક્ષણિકતાઓ છે, તે દરેકને બનાવવાની પદ્ધતિ પણ ઘણી અલગ છે છતાં તે દરેક સાડી એટલી જ સુંદર દેખાય છે. પ્રદેશ પ્રમાણે સાડી પહેરવાની રીત પણ અલગ અલગ હોય છે. જેમ કે, ગુજરાતમાં ગુજરાતી સ્ટાઈલ, મહારાષ્ટ્રમાં નવવારી, કર્ણાટકમાં કુર્ગ સાડી, કેરળમાં મુન્ડુમ નેરીયાથમ, આંધ્રપ્રદેશમાં નિવી(કે જે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે) અને અસમમાં મેખેલા ચડોર.

સાડી કોઈ પણ રીતે પહેરવામાં આવે, તે સુંદર જ દેખાય છે. હા, આજકાલ પારંપરિક પદ્ધતિઓમાં થોડા ઘણા ફેરફાર કરીને નવી નવી સ્ટાઈલમાં સાડી પહેરવામાં આવે છે. જેમાં યાદ રાખવું જોઈએ સન્નારીઓ, કે મોડર્ન સ્ટાઈલ અપનાવવામાં સ્ત્રીની ગરિમા પણ જળવાય રહે. જ્યારે સમગ્ર વિશ્વમાં ‘સાડી ડે’ ઊજવાતો હોય તો આપણા પારંપરિક પોશાકની ગરિમા જાળવવાની આપણી ફરજ છે. તેને આપણે શા માટે આછકલો બનાવીએ? તમને શું લાગે છે? આ વિષે જરૂરથી વિચારજો. ચાલો ત્યારે, ફરી મળીશું આવતા સપ્તાહે...

-સંપાદક

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર પ્રિયંકા કિકાણીની છે. એ કોમર્સ ગ્રેજ્યુએટ છે. પ્રિયંકાને મોડલિંગ, એક્ટિંગ, ટ્રાવેલિંગ, શોપિંગનો શોખ છે.